ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૫૨
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૦/૦૮/૨૦૧૬

# // પરિપત્ર //

**વિષયઃ- નિગમની વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.**

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૬, તા.૨/૧૨/૨૦૧૫.
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૮, તા.૩૧/૦૩/૨૦૧૬.
(૩) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૭, તા.૩૦/૦૬/૨૦૧૬.

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખૂલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે વણવપરાશી/ખૂલ્લા ઔદ્યોગિક પ્લોટની તબદીલીની નીતિ (એકઝીટ પોલીસી) તા.૨/૧૨/૨૦૧૫ ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ. આ નીતિની સમય મર્યાદા તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીની હતી. સદર નીતિને ખૂબ સારો પ્રતિસાદ મળેલ હોઇ સંદર્ભિત પત્ર (૩) થી સદર નીતિ અન્વયે અરજદારોને અરજી કરવાની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૧૬ અને ક્ષેત્રિય કચેરીએ નિર્ણય લેવાની છેલ્લી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ. સદર પરિપત્રની પશ્ચાદવર્તી અસરથી નિગમની સભાની મંજુરી મેળવવા સારૂ નિગમની ૪૯૦ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ૧૪/પોસ્ટ વિતરણ/૪૯૦ સાદર કરવામાં આવેલ. સભામાં થયેલ ઠરાવ ક્રમાંકઃ૭૮/પોસ્ટ વિતરણ/૪૯૦/૨૦૧૬ મુજબ ઉકત પરિપત્રની પશ્ચાદવર્તી અસરથી મંજુરી આપવામાં આવેલ છે અને નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતના કિસ્સામાં પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧૦% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસુલ કરી તા.૩૦/૦૬/૨૦૧૭ સુધી વપરાશની સમય મર્યાદા વધારી આપવાની રહેશે.

(૨) સદર નીતિ ઔપચારિક (Formal) પ્રકારના તબદીલીના કિસ્સામાં પણ લાગુ પડશે. ઔપચારિક (Formal) પ્રકારના તબદીલીના કિસ્સામાં નીચેની શરતોને આધિન તબદીલી અંગેની મંજુરી આપવાની રહેશે.

- ફાળવણીદારે બાંધકામના નકશા મંજુર કરાવેલા હોવા જોઇએ.
- જો ફાળવણીદારનો ઉદ્યોગ કેમિકલ હોય તો જી.પી.સી.બી.નું પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઇએ.
- ફાળવણીદાર ધ્વારા તાત્કાલિક પ્લોટનો ઉપયોગ કરવામાં આવશે તે અંગેનું નોટરાઇઝડ બાંહેધરીખત રજુ કરવાનું રહેશે.
- ૧ વર્ષની અંદર બાંધકામ શરૂ થયેલ હોવુ જોઇએ.

ઉકત પરિપત્રોની અન્ય જોગવાઇઓ યથાવત્ રહેશે.

સહી/-
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ-૧શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)